## સ્વામિનારાયણ મંદિર વાસણા સંસ્થા (SMVS)

આદ્યસ્થાપક : ગુરુદેવ પ.પૂ.બાપજી | પ્રેરક : ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રી

# મહિમા વર્ષ

૨૦૨૧-૨૨

ઉપક્રમે

જૂન માસ

# અહમશૂન્ય માસ

## Family Time સભા - 2
## કાર્યક્રમ મટીરીયલ

# મહિમા વર્ષ

ઉપક્રમે

# અહમશૂન્ય માસ

આ માસમાં અમલમાં મૂકવાના PLના મુદ્દા

(1) હું, મેં, મારું, મને અને મારે આ પાંચ શબ્દોનો રોજબરોજના જીવનમાં ઉપયોગ ન જ કરવો.

(2) દરેક ક્રિયામાં પોતાનું કર્તાપણું ભૂલી મહારાજને કર્તા કરવા-કર્તા સમજવા.

# ❖ અહમશૂન્યતા...

1. આપના તે આભમાં હું નાનું પારેવડું...
   આ અડધી લીટીમાં જ બંને આવી ગયું.
   (1) મહારાજ અને મોટાની મોટપ અને
   (2) આપણી અહમ્ શૂન્યતા. આ દુનિયામાં જેણે પ્રવેશ કર્યો હોય તેની સામે કામ-ક્રોધાદિક મીટ માંડી ન શકે.

2. જે પોતાના અસ્તિત્વનો પ્રલય કરી દે અને તન-મન-ધન અર્પણ કરી દે. અહમ્ શૂન્ય થઈ જાય તે જ સાચો શરણાગત.

3. જો મહારાજ અને મોટાની મોટપ સ્વીકારાય તો અહમ્ શૂન્ય થવાય જ. એમની આગળ હું કશું જ નથી. ભલે દુનિયાની આગળ હું ગમે તે હોય.

**થઇ ગરીબને ગરજવાન, શિષ્ય થઇ રહે સર્વેનો રે...**
**મેલી મમતા ને માન, ત્યાગ કરે તન ગર્વનો રે...**
**એવા ઉપર શ્રી ઘનશ્યામ, સદા સર્વદા રાજી રહે છે રે;**
**સરે નિષ્કુળાનંદ કામ, એમ સર્વે સંત કહે છે રે...**

## ❖ Family Time સભા ક્યારે અને કેવી રીતે કરવી ?

ઘરના સૌ સભ્યો ભેગા થઈ શકે તે મુજબ ગુરુવારના દિવસે Family Time સભાનું આયોજન કરવું અને Family Time સભા માટે સમય નક્કી કરવો અને તે મુજબ સભા કરવી.

**નોંધ :- જે સેન્ટરમાં અઠવાડિક સભા ગુરુવારના રોજ થતી હોય તેવા સેન્ટરના હરિભક્તોએ શુક્રવારે Family Time સભાનું આયોજન કરવું.**

- નાનાએ વડીલોને ચરણસ્પર્શ કરી તથા વડીલોએ નાનાને બે હાથ જોડી નમસ્કાર કરી સભામાં બેસવું.
- “ઘર એક મંદિર” હોવાથી ઘરમાં અનુકૂળ સ્થળે સભા કરી શકાય.
- સભાને અંતે સૌએ એકબીજાને હાથ જોડી અરસપરસ ‘દયાળુ રાજી રહેજો’ એવી સાચા ભાવે પ્રાર્થના કરવી.
- મહિલા-પુરુષ સભ્યોએ મર્યાદા રાખીને બેસવું.

# નિર્માની થઈને પ્રભુને ગમો...

Play Kirtan

નિર્માની થઈને પ્રભુને ગમો, મૂર્તિના સુખમાં સ્હેજે રમો;
નિર્માની થઈને સૌને ગમો, સત્સંગમાં સૌને સ્હેજે નમો;
નિર્માની થઈને પ્રભુને ગમો...ટેક

‘હું કંઈક છું’ એવું માન મૂકી, શ્રીજીને સંપૂર્ણ કર્તા કરો;
હરિ-મરજી વિના કાંઈ થતું નથી, એવો દાસ ભાવ દિલમાં ધરો;
દાસ ભાવે સહુને રાજી કરો, માન-મોટપ પ્રભુને ધર્યા કરો.
નિર્માની થઈને પ્રભુને ગમો...૦૧

મોટાની આગળ ઠરાવો છોડી, સરળ થઈને રાજી કરો;
નાનાની આગળ પાવર છોડી, પ્રેમે કરીને રાજી કરો;
દર્શન શ્રીજીનાં સૌમાં કરો, મુક્તભાવે સૌમાં પ્રીતિ કરો.
નિર્માની થઈને પ્રભુને ગમો...૦૨

વેણ-કવેણ સહન કરીને, ભાર ને ભીડો ખમ્યા કરો;
સેવા બીજાથી વધુ કરીને, અહોભાવમાં જીવ્યા કરો;
નાનીનાની વાતોની ગાંઠો છોડી, મોટું પેટ૧ રાખીને ફર્યા કરો.
નિર્માની થઈને પ્રભુને ગમો...૦૩

ગુણો પોતાના જોવા છોડી, અવગુણો પોતાના ટાળ્યા કરો;
અવગુણો બીજાના લેવા છોડી, ગુણો સૌના ગાયા કરો;
ગુણો સર્વે છે શ્રીજીના, ઈર્ષ્યાથી ના બળ્યા કરો.
નિર્માની થઈને પ્રભુને ગમો...૦૪


મારો કાંઈ વાંક નથી, એવા નિર્દોષ કદી ના ઠર્યા કરો;
પોતે નિર્દોષ ઠરવા બીજાને, દોષિત કદી ન કર્યા કરો;
પોતાના દોષોને ઓળખી-કાઢી, સાચા ભાવે નિર્દોષ થયા કરો.
નિર્માની થઈને પ્રભુને ગમો...૦૫

મહારાજ ને મોટાપુરુષો જેવું, નિર્માનીપણું ગ્રહ્યા કરો;
મૂર્તિસુખનાં પાત્ર થાવાં, નિર્માની થઈને જીવ્યા કરો;
પ્રભુ રાજીપાથી પૂરા ભરાવા, માન ખાલી કરી નિર્માની બનો.
નિર્માની થઈને પ્રભુને ગમા...૦૬

આવો

## ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રીની દિવ્યવાણીનો લાભ

# અહમનું પોષણ ન કરીએ...



ગુરુવર્ય પ.પૂ.સ્વામીશ્રીની દિવ્યવાણી



દિવ્યવાણીનું શ્રવણ કરવા માટે ઉપર આપેલ મૂર્તિ પર ક્લિક કરવું.

# મહારાજ તો ડૂબ્યા...

પામીએ **પ્રેરણા**

શ્રીજીમહારાજે સંવત ૧૯૬૧ થી ૧૯૬૮ દરમ્યાન વિચરણ કયુ. પરતુ પછી ૧૭ વષ થઇ ગયેલા. મહારાજે ભુજમાં વિચરણ કરેલું નહીં, હરિભક્તો વારંવાર પ્રાર્થના કરે, આગ્રહ કરે પરંતુ દરેક વખતે મહારાજ કહે, “આવીશું...આવીશું...” સુંદરજીભાઇ કહે, મહારાજને લાવતાં આવડવું જોઈએ. જુઓ, આ ભાયડો લઈ આવે. મહારાજને લાવવા માટે પ્રેમ જોઈએ. એમ કહી તેઓ ગઢપુર આવ્યા. સભા ભરાઈને બેઠી હતી. મહારાજને દંડવત કર્યા. મહારાજે કુશળ સમાચાર પૂછ્યા. મહારાજ, આ વખતે તમે નહિ આવો ત્યાં સુધી અહીં જ ધામા નાંખવાના છે. મહારાજ ભુજમાં આવવા માટે તૈયાર થયા. મહારાજે શરત મૂકી અમે ૧૦ દિવસ માટે આવીશું. મહારાજ અને સુંદરજી સુથાર સાથે આવેલા હરિભક્તો જોડિયા બંદરેથી નીકળ્યા. સુંદરજીભાઈએ ભુજમાં ચિઠ્ઠી લખી, મહારાજ આ દિવસે માંડવી આવશે. બધા સામે લેવા આવજો. રસ્તામાં સુંદરજીભાઈને માન આવ્યું. કોઈથી ન આવ્યા ને મારાથી આવ્યા. અંદર મલકાયા કરે. મહારાજે અચાનક દરિયામાં કૂદકો માર્યો. સુંદરજીભાઈ સાથે બધા હરિભક્તો ગભરાઈ ગયા. ધૂન કરે, પ્રાર્થના કરે, પણ મહારાજ બહાર જ ન આવ્યા. શું જવાબ આપશું ? ચિંતા કરે. માંડવી બધા હરિભક્તો મહારાજને લેવા પધારેલા, પરંતુ મહારાજ ન દેખાય. બધાએ પૂછ્યું, મહારાજ ક્યાં છે ? મહારાજ તો દરિયામાં ડૂબ્યા. સદ્. મુક્તાનંદ સ્વામી કહે, નક્કી કોઈને માન આવ્યું હશે... સુંદરજીભાઈ કહે, મને માન આવ્યું હતું એટલે આવું થયું. બધા હરિભક્તો ભૂજ પહોંચ્યા. એટલામાં તો મહારાજ ભીના કપડે હમીરસર તળાવેથી ચાલ્યા આવે. બધાએ પૂછ્યું, મહારાજ તમે ક્યાં જતાં રહ્યા હતા ??? મહારાજ કહે, સુંદરજીભાઈને માન આવ્યું હતું તે માન ટાળવા અમે આ લીલા કરી, માટે કોઈ સંતો-હરિભક્તોએ માન ન રાખવું.

## મનનીય પ્રશ્નો

1. પ્રેક્ટિકલ જીવનમાં કઈ કઈ બાબતે માન આવી જતું હોય છે ?
2. ક્યાંક માનની પુષ્ટિ ન થાય ત્યારે કેવા વિચારે ચડી જવાય છે ?
3. પ્રેક્ટિકલ જીવનમાં માનની પુષ્ટિ કરવા કેવા કેવા પ્રયત્ન થતાં હોય છે ?
4. કોઈ પ્રસંગમાં માન આવ્યું હોય તેને મહારાજે તોડાવ્યું હોય તે પ્રસંગ પરિવારના સભ્યોમાં share કરવો

# સત્સંગ પરીક્ષા - ૨૦૨૨


## બાળ સત્સંગ પરીક્ષા - 2022




- બાળ સત્સંગ પરીક્ષા તા. 31-07-2022ને રવિવારના રોજ બાળમંડળમાં બાળસભાના સમયમાં લેવાશે.
- પરીક્ષાના ફોર્મ ભરવાની અંતિમ તારીખ 10-06-2022 છે.

| પરીક્ષા તારીખ | અભ્યાસક્રમ | ગુણ | સમય |
|---|---|---|---|
| 31 જુલાઈ 2022, રવિવાર | નિત્યનિયમ પુસ્તિકા - નવમી આવૃત્તિ (પેજ નંબર : 7 થી 34) | 50 ગુણ (MCQ 25 ગુણ) | 1 કલાક |

## કિશોર-યુવા સત્સંગ પરીક્ષા - 2022




- કિશોર-યુવા સત્સંગ પરીક્ષા તા. 24-07-2022ને રવિવારના રોજ બપોરે 2 થી 4:30 દરમ્યાન પરીક્ષા સ્થળ પર લેવાશે.
- પરીક્ષાના ફોર્મ ભરવાની અંતિમ તારીખ 10-06-2022 છે.

| પરીક્ષા તારીખ | અભ્યાસક્રમ | ગુણ | સમય |
|---|---|---|---|
| 24 જુલાઈ 2022, રવિવાર (એકાદશી) | મુમુક્ષુતા-2 પુસ્તક ચેપ્ટર :- 2 થી 5 (પેજ નંબર : 13 થી 113) | 100 ગુણ (MCQ 50 ગુણ) | 2:30 કલાક |

## નોંધ :

(1) 15 વર્ષ સુધીના બાળકોએ બાળ સત્સંગ પરીક્ષા આપવાની રહેશે.
(2) 15 વર્ષથી ઉપરના મુક્તોએ કિશોર-યુવા સત્સંગ પરીક્ષા આપવાની રહેશે.
(3) બંને પરીક્ષાની પુસ્તિકા સંસ્થાના તમામ બુકસ્ટોલ પરથી મળશે.